# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-07-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PM-બ્રાઝિલની મુલાકાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પાંચ દેશોની તેમની મુલાકાતના ચોથા તબક્કામાં બ્રાઝિલના રિયો ડી જેનેરિયો પહોંચ્યા છે. આ મુલાકાત દરમિયાન, શ્રી મોદી 17મા બ્રિક્સ સમિટમાં હાજરી આપશે.

સમિટ દરમિયાન, પ્રધાનમંત્રી વૈશ્વિક શાસનમાં સુધારા, શાંતિ અને સુરક્ષા, , કૃત્રિમ બુદ્ધિમત્તાનો જવાબદાર ઉપયોગ, , વૈશ્વિક સ્વાસ્થ્ય, આર્થિક અને નાણાકીય બાબતો સહિત મુખ્ય વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે.

---------------------------------------------------------------------------------------------------

## અમિત શાહ-સહકારીતા યુનિવર્સિટી:

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આણંદમાં ત્રિભુવન સહકારિતા વિશ્વવિદ્યાલયનો શિલાન્યાસ કર્યો. આ પ્રસંગે શ્રી શાહે સહકારી ક્ષેત્રના ઉજ્જવળ ભવિષ્ય અને તેના મહત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું કે સહકારી ક્ષેત્રના વિકાસમાં રહેલી ખામીઓ ઓળખી અને તેના વિકાસ માટે 60 નવી પહેલ અમલમાં મૂકવામાં આવી છે. શ્રી શાહે કહ્યું, આ વિશ્વવિદ્યાલય 125 એકરમાં 500 કરોડ રૂપિયાના ખર્ચે બની રહી છે અને તે નીતિ નિર્માણ, ડેટા વિશ્લેષણ, સંશોધન અને લાંબા ગાળા માટેની વિકાસ રણનીતિ ઘડવાનું કામ કરશે.

---------------------------------------------------------------------------------------------------

## વ્યામ શિક્ષકો ભરતી સમિતિ રચના :

વ્યાયામ શિક્ષકોની ભરતી માટે રાજ્ય સરકારે સમિતિની રચના કરી છે. જેમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં અગ્ર સચિવ અધ્યક્ષ રહેશે. આ સમિતિમાં અધ્યક્ષ સહિત 10 સભ્યો હશે. જેમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનાં એક સભ્યનો પણ સમાવેશ કરાયો છે.

---

## બેગલેસ ડે:

વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ સાથે રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ગઈકાલથી દર શનિવારે બેગલેસ ડેની શરૂઆત થઈ હતી. સરકાર દ્વારા ભાર વિનાનું ભણતર બનાવવા પ્રાથમિક શાળાઓમાં એકમ કસોટીની જગ્યાએ દર શનિવારને બેગલેસ ડે જાહેર કરાયો હતો. ગઈકાલે પ્રાથમિક શાળાના બાળકો દફતર લીધા વગર શાળાએ ગયા હતા અને વિદ્યાર્થીઓને શારીરિક અને માનસિક વિકાસ માટેની પ્રવૃતિઓ કરવામાં આવી હતી.

---

## બેટી બચાઓ-બેટી પઢાઓ અભિયાન:

બેટી બચાઓ બેટી પઢાઓ યોજના  અભિયાનના ભાગરૂપે કચ્છ જિલ્લા કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ-કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્રની દીકરીઓ તેમજ ભુજ તાલુકાના પાલક માતા-પિતા યોજનાના લાભાર્થી માટે એજ્યુકેશન કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

શ્રી પટેલે દીકરીઓ સાથે સંવાદ કરીને તેમને પ્રોત્સાહન પુરું પાડ્યુ હતું. દીકરીના શિક્ષણ પર ભાર મૂકતા કહ્યુ હતું  કે, દરેક દીકરીએ ફરજિયાત શિક્ષણ મેળવવું જોઈએ. જો દીકરી શિક્ષણ મેળવશે તો પોતે સ્વનિર્ભર બની પોતાના શોખને પૂર્ણ કરવા સાથે જીવનના લક્ષ્યોને પ્રાપ્ત કરી શકશે.

---

## દેવપોઢી એકાદશી:

આજે અષાઢ માસની શુક્લ પક્ષની અગિયારસ ને દેવ પોઢી એકાદશી તરીકે ઉજવાય છે. પૌરાણિક માન્યતા અનુસાર ભગવાન વિષ્ણુ ચાર માસ માટે યોગ નિદ્રામાં પોઢી જાય છે અને કારતક માસની એકાદશીએ જાગે છે, એ ચાર માસ દરમ્યાન શુભ કાર્યોને વર્જ્ય ગણવામાં આવે છે.

---

## ચાતુર્માસ:

આજ થી જૈનોના ચાતુર્માસ નો પ્રારંભ થાય છે જૈન સાધુ સંતો ચોમાસા માં વિહાર કરતા નથી એકજ સ્થળે ધાર્મિક કાર્યો માં પ્રવૃત રહે છે.

---

## મોહરમ:

કરબલા નાં રણ માં શહાદત વહોરનારા શહીદો ની સ્મૃતિ માં આજે માતમ નું પર્વ મહોરમ ગંભીરતા પૂર્વક મનાવવામાં એ આવી રહ્યું છે ભુજ અંજાર માંડવી સહિત નગરો અને ગામોમાં માં નાના મોટાં તાજીયા જુલુસ નીકળશે બપોર પછી નીકળનાર કલાત્મક તાજીયા જોવા માર્ગો પર ભીડ ઉમટી પડશે મોડે થી તાજીયા ઠંડા કરવા માં આવશે દરમ્યાન ગઈ રાત્રે વિવિધ સ્થળે તાજિયા પડ માં આવ્યા હતા.

---

## વરસાદ:

રાજ્યમાં ગઈકાલે 158 તાલુકામાં વરસાદ પડ્યો હતો. જેમાં દેવભૂમિ દ્વારકા, તાપી, ડાંગ સહિતના જિલ્લાઓમાં વરસાદ નોંધાયો હતો.

દરમ્યાન કચ્છમાં પણ વરસાદ માહોલ વચ્ચે જીલ્લા કંન્ટ્રોલ રૂમ પાસેથી અમને મળેલી માહિતી અનુસાર ગઈકાલે સાંજે 6 થી સવારે 6 વાગ્યા સુધી માંડવી 6 મિલીમીટર, અબડાસ અને નખત્રાણામાં 1-1 મિલિમીટર વરસાંદ નોંધાયો છે.

---

## ક્રિકેટ:

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ની બર્મિંગહામ ખાતે ની બીજી ટેસ્ટ મેચ નિર્ણાયક તબક્કે પહોંચી છે ભારતના પ્રથમ દાવ ના 587 રન ના જવાબ માં ઈંગ્લેન્ડ ના 407 ના આધારે 180 રન ની સરસાઇ મળી હતી ભારતે બીજા દાવ માં 6 વિકેટ ગુમાવી 407 રન કરી દાવ પૂરો જાહેર કરી ઇંગ્લેન્ડ ને જીતવા 607 રન નો પડકાર ફેંક્યો હતો

ચોથા દિવસ ની રમત ને અંતે ઇંગ્લેન્ડ ટીમે 3 વિકેટ ગુમાવી 72 રન કર્યા હતા હવે જીતવા 536 રન ની જરૂર છે

---

## BIS-હેલ્મેટ:

ગ્રાહક બાબતોના વિભાગ અને ભારતીય માનક બ્યુરો-BIS એ દેશભરના ગ્રાહકોને ફક્ત BIS-પ્રમાણિત હેલ્મેટનો ઉપયોગ કરવાની અપીલ કરી છે. વિભાગે BIS પ્રમાણપત્ર વિના હેલ્મેટના ઉત્પાદન અથવા વેચાણ સામે કડક કાર્યવાહી કરવાની પણ હાકલ કરી છે.

દેશમાં 21 કરોડથી વધુ દ્વી ચક્રી વાહનચાલકોની સલામતી સર્વોપરી છે. મોટર વાહન અધિનિયમ, 1988 હેઠળ, દ્વી ચક્રી વાહનચાલકો માટે હેલ્મેટ પહેરવું ફરજિયાત છે.

---